# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 18-12-2024** **Evening : 7.50 to 8.00**
**Day : Wednesday** **National News**

આકાશવાણી સમાચાર **હિના મોદી** વાંચે છે.

******************************************************

- ✓ **બી.આર. આંબેડકરના અપમાન મુદ્દે વિપક્ષના હોબાળા બાદ સંસદના બંને ગૃહોની કામગીરી સ્થગિત.**
- ✓ **કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોંગ્રેસ પર આરોપ લગાવ્યો છે કે, કોંગ્રેસે રાજ્યસભામાં તેમના ભાષણ અંગેના તથ્યોને વિકૃત રીતે રજૂ કર્યા હતા.**
- ✓ **રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે બીઇજિંગમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી.**
- ✓ **ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે, જાન્યુઆરી 2025થી રાજ્યમાં સમાન નાગરિક સંહિતા અમલી કરાશે.**
- ✓ **આવકવેરા વિભાગે અત્યાર સુધીમાં નાણાકીય વર્ષ 2024-25 માટે સીધા કર તરીકે 19 લાખ 21 હજાર કરોડ રૂપિયા એકત્ર કર્યા.**
- ✓ **ભારતના ચેસ ખેલાડી પ્રણવ વેંકટેશે સ્લોવેનિયામાં FIDE વર્લ્ડ અંડર-18 યુથ રેપિડ અને બ્લિટ્ઝ ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો.**

******************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

## EVE. PAR-ADJOURN

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બાબાસાહેબ ભીમરાવ આંબેડકરનું અપમાન કર્યું હોવાના વિપક્ષના આક્ષેપો પર થયેલા હોબાળા બાદ સંસદના બંને ગૃહોની કાર્યવાહી આજે દિવસભર માટે સ્થગિત કરવામાં આવી હતી.

સ્થગિત કર્યા બાદ બપોરે 2 વાગ્યે લોકસભાની કાર્યવાહી ફરી શરૂ થઈ ત્યારે સભાપતિએ વિપક્ષી સભ્યો દ્વારા વિવિધ મુદ્દે આપવામાં આવેલી સ્થગિત નોટિસને મંજૂરી આપી ન હતી. વિપક્ષી દળોના સાંસદો શ્રી શાહે તેમની ટિપ્પણી માટે માફી માંગવાની માંગ સાથે સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા. આ મુદ્દે શાસક પક્ષ અને વિપક્ષના સાંસદો વચ્ચે ઘણી દલીલો થઈ હતી. દરમિયાન સભાપતિએ ગૃહની કાર્યવાહી દિવસભર માટે સ્થગિત કરી દીધી હતી.

રાજ્યસભાની કાર્યવાહીમાં પણ સમાન મુદ્દાઓનું વર્ચસ્વ રહ્યું હતું. બપોરે 2 વાગ્યે ગૃહની કાર્યવાહી સ્થગિત કર્યા બાદ જ્યારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે વિપક્ષી સાંસદોએ ગૃહમંત્રી દ્વારા બાબાસાહેબ પર કરેલી ટિપ્પણીના વિરોધમાં સૂત્રોચ્ચાર શરૂ કર્યા હતા.

સવારે ગૃહની કાર્યવાહી શરૂ થઈ ત્યારે કોંગ્રેસ, ડીએમકે, રાષ્ટ્રીય જનતા દળ અને અન્ય પક્ષોના સભ્યોએ કેન્દ્રીય ગૃહમંત્રીની ટિપ્પણી પર હોબાળો શરૂ કર્યો. અધ્યક્ષે કહ્યું કે, ભીમરાવ આંબેડકર ખૂબ જ આદરણીય વ્યક્તિત્વ છે અને તેઓ બધા માટે અનુકરણીય છે.

## AMIT SHAH- AMBEDKAR

ભાજપના વરિષ્ઠ નેતા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ પાર્ટીએ ગઈકાલે રાજ્યસભામાં તેમના ભાષણ અંગેના તથ્યોને વિકૃત રીતે રજૂ કર્યા હતા.

આજે સાંજે નવી દિલ્હીમાં પક્ષના મુખ્યાલય ખાતે પત્રકારો સાથે વાત કરતાં શ્રી શાહે કોંગ્રેસ પર બી.આર. આંબેડકર વિરોધી અને અનામત અને બંધારણની વિરુદ્ધ હોવાનો આક્ષેપ કર્યો. તેમણે કહ્યું કે, કટોકટી લાદીને તમામ બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કર્યું છે. શ્રી શાહે ઉમેર્યું હતું કે, જ્યારે સંસદ જેવા દેશના સર્વોચ્ચ લોકતાંત્રિક મંચ પર ચર્ચા થાય છે, ત્યારે તે હકીકતો અને સત્ય પર આધારિત હોવી જોઈએ.

**(બાઇટ- અમિત શાહ-કેન્દ્રીય ગૃહમંત્રી)**

## EVE. GOVT OPPOSITION AMBEDKAR

સરકારે વિપક્ષ પર ભીમરાવ આંબેડકર વિશે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની ટિપ્પણીઓને ખોટી રીતે રજૂ કરવાનો આરોપ લગાવ્યો છે. સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ જણાવ્યું હતું કે રાજ્યસભામાં શ્રી શાહના ભાષણની ટૂંકી ક્લિપ પ્રસારિત કરવામાં આવી હતી, જેમાં તેમની ટિપ્પણીને વિકૃત રીતે રજૂ કરવામાં આવી હતી. તેમણે આ મુદ્દે સંસદના બંને ગૃહોની કાર્યવાહી ખોરવવા બદલ વિપક્ષની આકરી ટીકા કરી હતી.

**(બાઇટ- કિરેન રિજિજુ- કેન્દ્રીય મંત્રી)**

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ ગૃહમંત્રીની ટીકા કરતા કહ્યું કે, શ્રી શાહે તેમની ટિપ્પણીથી બંધારણના નિર્માતાનું અપમાન કર્યું છે.

(બાઇટ- મલ્લિકાર્જુન ખડગે- વિપક્ષ નેતા)

આ પહેલા ગૃહમંત્રી અમિત શાહની આંબેડકર પરની ટિપ્પણી સામે વિરોધ પક્ષોએ આજે સંસદ ભવન સંકુલમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું. રાહુલ ગાંધીએ પણ શાહની ટીકા કરી હતી. તેમણે સરકાર પર બંધારણને નબળું પાડવાનો આરોપ લગાવ્યો. શ્રી ગાંધીએ એમ પણ કહ્યું કે ભાજપ આંબેડકર અને તેમની વિચારધારાની વિરુદ્ધ છે.

## PM-CONGRESS AMBEDKAR

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડૉ. ભીમરાવ આંબેડકર પર કેન્દ્રીય ગૃહમંત્રીની ટિપ્પણી અંગેના કોંગ્રેસના આક્ષેપો પર વળતો પ્રહાર કરતા કહ્યું કે શ્રી અમિત શાહે ભારતીય બંધારણના નિર્માતાનું અપમાન કરવાના કોંગ્રેસના કાળા ઇતિહાસને ઉજાગર કર્યો છે.

તેમણે કહ્યું કે, શ્રી શાહ દ્વારા રજૂ કરાયેલા તથ્યોથી કોંગ્રેસ સ્પષ્ટપણે ચોંકી ગઈ છે. ગઈકાલે રાજ્યસભામાં ડૉ. આંબેડકર પર શ્રી શાહની ટિપ્પણી પર વિપક્ષના આક્ષેપોનો ઉલ્લેખ કરતાં, શ્રી મોદીએ કહ્યું કે જો કોંગ્રેસ અને તેની નબળી મશીનરીને લાગે છે કે તેમના દૂષિત જૂઠાણા વર્ષોથી તેમના ખોટા કાર્યોનું પ્રતિબિંબ છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, તેમણે કહ્યું કે, દેશના લોકોએ વારંવાર જોયું છે કે કેવી રીતે એક વંશના નેતૃત્વ હેઠળની પાર્ટીએ ડો. આંબેડકરના વારસાને ભૂંસી નાખવા અને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિને અપમાનિત કરવા માટે દરેક સંભવિત અન્યાયી ઉપાયોનો ઉપયોગ કર્યો છે.

## AJIT DOVAL - CHINA MEETING

રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે આજે બીઇજિંગમાં ચીનના વિદેશ મંત્રી વાંગ યી સાથે મુખ્ય દ્વિપક્ષીય મુદ્દાઓ પર ચર્ચા કરી હતી. તેમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર શાંતિ જાળવવી અને દ્વિપક્ષીય સંબંધોની પુનઃસ્થાપનાનો સમાવેશ થાય છે.

શ્રી ડોભાલના નેતૃત્વમાં ભારતીય પ્રતિનિધિમંડળ ગઈકાલે 23મા રાઉન્ડના વિશેષ પ્રતિનિધિઓની વાટાઘાટોમાં ભાગ લેવા બેઈજિંગ પહોંચ્યું હતું. આ વાટાઘાટો પાંચ વર્ષના ગાળા બાદ ગઈકાલે શરૂ થઈ હતી. એવી અપેક્ષા હતી કે, દ્વિપક્ષીય સંબંધોના પુનઃનિર્માણના સંદર્ભમાં તેમજ ખાસ કરીને પૂર્વી લદ્દાખમાંથી સૈનિકો પાછા ખેંચવા અને પેટ્રોલિંગ પર બંને દેશો વચ્ચેના કરાર પર ચર્ચા થઇ હતી.

## DR S JAISHANKAR

વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકરે આજે તેમના ઈઝરાયેલના સમકક્ષ ગિદિયોન સા'ર સાથે ટેલિફોન પર વાત કરી હતી. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, મંત્રીએ કહ્યું કે શ્રી સા'રે તેમને પ્રદેશમાં ચાલી રહેલા વિકાસ વિશે માહિતી આપી હતી. તેમણે ઉમેર્યું હતું કે, ઇઝરાયેલના વિદેશ મંત્રીએ બંને રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો અને તેમને મજબૂત કરવાના પ્રયાસો અંગે પણ ચર્ચા કરી હતી.

## UTTARAKHAND-UCC

ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ કહ્યું છે કે, જાન્યુઆરી 2025 થી રાજ્યમાં સમાન નાગરિક સંહિતા અમલી કરાશે. તેમણે કહ્યું કે ઉત્તરાખંડ આ કાયદાને લાગુ કરવા માટે દેશનું પ્રથમ રાજ્ય

બનવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે. શ્રી ધામીએ કહ્યું કે, આ પગલું સામાજિક સમાનતા અને એકતાને મજબૂત કરવાની દિશામાં માઇલસ્ટોન સાબિત થશે.

## INCOME TAX COLLECTION

આવકવેરા વિભાગે અત્યાર સુધીમાં નાણાકીય વર્ષ 2024-25 માટે સીધા કર તરીકે 19 લાખ 21 હજાર કરોડ રૂપિયા એકત્ર કર્યા છે. જે નાણાકીય વર્ષ 2023-2024ની તુલનામાં 20.32 ટકા વધુ છે, જેમાં નવ લાખ 24 હજાર કરોડ રૂપિયાથી વધુનો કોર્પોરેટ ટેક્સ અને નવ લાખ 53 હજાર કરોડ રૂપિયાનો નોન કોર્પોરેટ ટેક્સનો સમાવેશ થાય છે.

આવકવેરા વિભાગે ગઈકાલ સુધીમાં ત્રણ લાખ 38 હજાર કરોડ રૂપિયાથી વધુનું રિફંડ આપ્યું છે. કુલ સીધા ટેક્સમાં 16 ટકાથી વધુની નોંધપાત્ર વૃદ્ધિ નોંધાઈ છે, જે 15 લાખ 82 હજાર કરોડ રૂપિયાથી વધુ છે.

## CHESS - PRANAV VENKATESH

ભારતના ચેસ ખેલાડી પ્રણવ વેંકટેશે ગઈકાલે સ્લોવેનિયામાં FIDE વર્લ્ડ અંડર-18 યુથ રેપિડ અને બ્લિટ્ઝ ટાઈટલ જીતીને ઈતિહાસ રચ્યો હતો. ચેન્નાઈના ટોચના ક્રમાંકિત ભારતીય ગ્રાન્ડમાસ્ટરે રેપિડ શ્રેણીમાં 9.5 પોઈન્ટ મેળવીને સુવર્ણ ચંદ્રક જીત્યો હતો. પ્રણવે એક રાઉન્ડ બાકી રહેતા બ્લિટ્ઝ શ્રેણીમાં 19.5 પોઈન્ટ મેળવ્યા હતા.

તો ક્રિકેટમાં, બ્રિસ્બેનમાં ગાબા ખાતે બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની ત્રીજી ટેસ્ટ ડ્રો થઇ હતી. ભારતીય સ્પિનર રવિચંદ્રન અશ્વિને આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી..

## MAHA-BOAT CAPSIZE

ગેટ-વે ઓફ ઈન્ડિયા, મુંબઈથી એલિફન્ટા ગુફાઓ તરફ મુસાફરોને લઈ જતી ફેરી બોટ આજે કરંજાના ઉરણ નજીક પલટી ગઈ હતી. એક મુસાફરનું મોત થયું છે, જ્યારે 21 મુસાફરોને બચાવી લેવાયા છે. પ્રારંભિક અહેવાલો અનુસાર, લગભગ 60 મુસાફરો ફેરી બોટમાં હતા. હાલમાં નેવી, તટરક્ષક દળ અને મરીન પોલીસ દ્વારા બચાવ પ્રયાસો ચાલુ છે. સોશિયલ મીડિયા પોસ્ટ પર, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે જણાવ્યું હતું કે, જિલ્લા વહીવટીતંત્રને શોધ અને બચાવ કામગીરી માટે ઉપલબ્ધ તમામ સંસાધનો તૈનાત કરવા સૂચના આપવામાં આવી છે.

## RS-FORENSIC LAB

કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બુંદી સંજય કુમારે કહ્યું છે કે, સરકારે નેશનલ ફોરેન્સિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઓગમેન્ટેશન સ્કીમ હેઠળ 860 કરોડના ખર્ચે સાત વધારાની સેન્ટ્રલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની સ્થાપનાને મંજૂરી આપી છે.

આજે રાજ્યસભામાં આ માહિતી આપતાં તેમણે કહ્યું કે, 245 કરોડ રૂપિયાની ફાળવણીમાંથી સરકારે અત્યાર સુધીમાં વિવિધ રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીઓમાં ડીએનએ વિશ્લેષણ અને સાયબર ફોરેન્સિક ક્ષમતાઓને મજબૂત કરવા માટે 185 કરોડ રૂપિયા ફાળવ્યા છે.